# 'સંવાદ સેતુ' કાર્યક્રમ

યુવા કાર્યક્રમ રમતગમત મંત્રાલય ભારત સરકાર અંતર્ગત 'માય ભારત - અમદાવાદ' તેમજ ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી (BAOU)ના સંયુક્ત ઉપક્રમે ત્રિદિવસીય 'ફ્યુચર યુથ લીડર્સ બૂટકૅમ્પ'નું આયોજન કરવામાં આવ્યું છે. આ બૂટકૅમ્પના બીજા દિવસે યુનિવર્સિટીનાં કુલગુરુ પ્રો. અમી ઉપાધ્યાયે 'સંવાદ સેતુ' કાર્યક્રમ અંતર્ગત યુવાનો સાથે પ્રેરણાદાયી સંવાદ સાધીને તેમના મનના અનેક પ્રશ્નો અંગે માર્ગદર્શન આપ્યું હતું.

સંવાદમાં તેમણે જણાવ્યું કે, સાચી લોકશાહીમાં પરિવર્તન એ માત્ર નેતાનું કર્તવ્ય નથી. તે દરેક નાગરિકની પ્રાથમિક ફરજ છે. BAOUએ તેના 28 વર્ષના ઇતિહાસમાં પ્રથમ જ સાયકલમાં NAAC 'A++' ગ્રેડ મેળવીને ગુજરાતની એકમાત્ર સ્ટેટ યુનિવર્સિટી હોવાની ઐતિહાસિક સિદ્ધિ હાંસલ કરી છે. આ સિદ્ધિ સાથે તે દેશની પ્રથમ સ્ટેટ ઓપન યુનિવર્સિટી બની છે. 'અશક્ય' કામને દૃઢ સંકલ્પથી શક્ય બનાવવું એ જ સાચા યુવા સંગઠનની ઓળખ છે. નેતાએ માત્ર વાતોથી નહીં, સહભાગી કાર્યોથી શ્રેષ્ઠ ઉદાહરણ પૂરું પાડવું જોઈએ. સાચું નેતૃત્વ આપણને ગેરમાર્ગે દોરાતા બચાવે છે.

અજાણતાં થયેલી ક્ષતિ એ માત્ર 'ભૂલ' છે. તેને શીખવાનો અવસર માનવો જોઈએ. ખરાબ ઈરાદો એ 'પાપ' છે. સત્ય તેમજ ધર્મ આપણા પક્ષે હોય તે સમયે ડર્યા વગર પ્રિયજનો સાથે ખુલ્લા મનથી સંવાદ સાધવો જોઈએ. સંવાદ અટકે છે ત્યાં જ સમસ્યા જન્મ લે છે. મલ્ટિ-મિલિયોનેર બનવા કરતા જીવનને સાર્થક બનાવવું એ જ ખરી સફળતા છે. સમય એ માત્ર પસાર કરવાની વસ્તુ નથી. જમીનમાં વાવેલા બીજની જેમ તેને સદ્ઉપયોગ દ્વારા વટવૃક્ષ બનાવવાનો અવસર છે. સફળતા મેળવવા કરતાં વધુ મહેનત તે સ્થાન પર ટકી રહેવામાં લાગે છે. સાચી સફળતા હોદ્દામાં નહીં, જીવનની સાર્થકતામાં રહેલી છે.

આપણે સપ્તાહમાં માત્ર બે કલાક સમાજસેવા માટે આપીએ, તેથી કોઈના જીવનમાં મોટું પૉઝિટિવ પરિવર્તન લાવી શકીએ છીએ. સમાજના પતનનું મુખ્ય કારણ દુર્જનોની સક્રિયતા કરતાં સજ્જનોની નિષ્ક્રિયતા વધુ છે. યુવા પેઢીએ સોશિયલ મીડિયામાં સમય વેડફવાને બદલે સજાગ બનીને પોતાની સામાજિક ફરજો નિભાવવી જોઈએ. ટૅક્નોલૉજીના આ યુગમાં આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI) ક્યારેય માનવ સર્જનાત્મકતાનું સ્થાન લઈ શકે નહીં. ભવિષ્યમાં ઊંડો માનવીય સ્પર્શ, અનુભવ ધરાવતા ક્ષેત્રો ટકી રહેશે. સંવેદનાઓ જોડાયેલી હશે તેવા વિચારોનું અસ્તિત્વ રહેશે. આ બૂટકૅમ્પ દ્વારા યુવાનોમાં નેતૃત્વ, કૌશલ્ય વિકાસ તેમજ સામાજિક ચેતનાનું સિંચન કરીને દેશના ભવિષ્યને વધુ સશક્ત બનાવવાનો નમ્ર પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.


www.baou.edu.in








Samvad Setu
Theme: Meaningful Dialogue with Hon'ble Vice Chancellor


युवा कार्यक्रम एवं खेल मंत्रालय
MINISTRY OF
YOUTH AFFAIRS AND SPORTS
GOVERNMENT OF INDIA
BAOU
Education
for All
FUTURE
YOUTH LEADERS'
BOOTCAMP





